


સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની
ઉડાન...

# પંખ

ISSUE 03 | APRIL 2016

*Each day is the scholar of yesterday.*
*-Publilius Syrus*

http://www.facebook.com/pankhemagazine

Bhagyesh Patel Photoworks

# સંપાદકની કલમે

હોળીના રંગીન તહેવાર બાદ આપ સૌ એક નવા જ ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસના રંગમાં રંગાયા હશો. અપ્રિલ મહિનો શરુ થઇ ગયો પણ હવે પહેલા જેવો અપ્રિલ ફૂલ બનાવવાનો ટ્રેન્ડ નથી રહ્યો બસ ખાલી hike અને whatsappમાં મેસેજીસ ફોરવર્ડ કરી દેવાના અને વાહ વાહ જેવું...

આપ સૌના suggestions અને feedback માટે ટીમ 'પંખ' વતી આપ સૌને કોટી કોટી વંદન... ગરમીના દિવસો શરુ થવા જઈ રહ્યા છે ત્યારે સાથે સાથે કોલેજમાં submissions, viva અને examનો ગરમ માહોલ બનવાનો પણ શરુ થઇ ગયો છે. હજી T-20 world cupની મેચોનો રોમાંચ વિસરાયો નથી ત્યાં જ IPLની ધમાકેદાર શરૂઆત થઇ ગઈ છે. હવે તો જીવનમાં પણ ખુશીનું T-20 જેવું થઇ ગયું છે ક્યારે એ સમય પૂરો થઇ જાય એ ખબર જ ના પડે. માણસ વધારે વ્યસ્ત બનવાની સાથે સાથે વેવલો પણ બનતો જાય છે.

પૈસા પાછળ ભાગતો સ્વાર્થી બનેલો આજનો માણસ પછી શાંતિ માટે આમ તેમ રઝળતો ફરે છે ત્યારે ખરેખર જો એ સમજે કે

"I am the master of my fate,
I am the captain of my soul"

તો એ શાંતિના દરિયામાં શુકુનની જિંદગી વિતાવી શકે. આ અંકમાં આપ સૌ શાંતિની ઝલક મેળવી શકો એવી આશા સાથે નમસ્કાર...

**-Keyur Dudhat**

ચર્ચા છે ચારેકોર જરા ધ્યાન રાખજો
ધુવડ બન્યા છે મોર, જરા ધ્યાન રાખજો,
જે દેખાવમાં લાગે છે ભોળા કબૂતરો
મારી ન જાય ન્હોર, જરા ધ્યાન રાખજો
-મુસાફિર પાલનપુરી

# લપડાક

ગયા લેખમાં મેં ગુજરાતીઓ પર કટાક્ષ કરી લીધો... હોઈ શકે કે ઘણાને એ ક્યાંક નેગેટીવ લાગ્યો હોય પણ મને લાગે છે કે જયારે આમ જાહેર પ્લેટફોર્મ પર લખતા હોઈએ ત્યારે અમુક મુદ્દા પર ધ્યાન દોરવું ખોટું ના ગણાવું જોઈએ. રખે ને કૈક કે કોઈક સુધરી જાય...

તો આ વખતે હું કૈક પોઝીટીવ, કૈક ખાસ જણાવીશ અમદાવાદ વિષે જે મને ગમે છે ને દરેક અમદાવાદી એ જાણવું પણ જોઈએ.

well પેલું કુતરા અને સસલા વાળું અને એહમદ શાહ વાળું તો ઘણું સાંભળેલું હશે. પણ તમને ખબર છે કે પહેલું all-vegeterian પિઝ્ઝા-હટ, સબવે, અને ડોમીનોઝ અમદાવાદ માં ખુલ્યું હતું જેથી કરીને અહી ના શાકાહારી ગ્રાહકોને અનુકુળ આવે અને સારી કમાણી થઇ શકે!!

જો અત્યારની વાત કરું તો મને સૌથી વધુ ગમી ગયું હોય અને માફક આવી ગયું હોય એવું AMCનું કોઈ સાહસ હોય તો એ છે BRTS... સારી બસો, નિયમિત, સાફ અને speedy. પણ જે ખાસ વસ્તુ છે કે જેના માટે મને ખુબ ખુબ આમ પ્રેમ ઉભરાઈ આવ્યો AMC પર તો એ હમણાં થી સ્ટાર્ટ કરેલી મહિલા બસ માટે...

હું faminist નથી અમુક બાબતમાં, પણ આમાં ખાસ તો ખાલી મહિલાઓ માટે હોય તો seat મળવાની ચિંતા ના હોય અને ખબર નહિ કેમ પણ બહુ જ comfortable લાગે. આમાં ઘણા ની દલીલ હશે કે ખાલી જાય બસ કે નુકસાન થાય છે સરકાર ને પણ એક તો આપણો BRTS પ્રોજેક્ટ સૌથી વધારે સફળ છે બીજા રાજ્યો ની સરખામણી એ અને જો આખા દિવસ માં વધારે ખાલી મહિલાઓ વાળી બસ ના ચલાવી હોય તો ખાલી સવારે અને સાંજે ઓફીસ કે કોલેજ જવાના અને આવવાના સમયે ચલાવો તો પણ અમને ઘણું સારું રહે છે. આના માટે મારે ખરેખર મેયર ને ધન્યવાદ કેહવા છે.

બીજું છે roads. હા મને ખબર છે કે બહુ જ ખાડા છે અને all that પણ તો પણ બીજા રાજ્યો કરતા આપણે ત્યાં રસ્તા ઘણા સારા છે હા જો કે સફાઈ ના મામલે નહિ કહું હું as Audi નો દરવાજો ચાલુ ગાડી એ ખોલી ને મસાલો થૂંકતા લોકો પણ અહી જ છે!!!

સાવ વિકાસ ના દાવા ને પોકળ નથી માનતી હું.

બીજું મને પસંદ છે અને કદાચ બધીજ છોકરીઓ ને એ છે SAFETY નવરાત્રી હોય કે કોઈ પાર્ટી રાતે ગમે તેટલું મોડું થયું હોય પણ ઘર ની દીકરી કોઈ ડર વગર ફરી શકે એના થી વધારે શું જોઈએ? અને હું કોઈ રાજનેતા કે પક્ષની side નથી લેતી.મારા બીજા રાજ્યોના ફ્રેન્ડસના મોઢેથી સાંભળેલા વખાણ છે આ ગુજરાત કે અમદાવાદની safety ના.

અચ્છા પાછા પેલા ઓછા જાણીતા facts તરફ જઈએ.

જયારે જુના હેરિટેજ અમદાવાદની વાતો થાય ત્યારે પોળો અને આમ ઝરૂખા અને જુના વારસા ની જાળવણી ને એવું બધું જ યાદ આવે. પણ આજે હું ખાવા પીવા ની વાત કરીશ. માણેકચોક કોઈ ગયા નહિ હોય એવું હું માનતી નથી. હા તો ત્યાં નો માહોલ અને સ્વાદ બંને નિરાળા છે. મારી વાત કરું તો ત્યાં ની ઘૂઘરા સેન્ડવિચ (જો તીખું ભાવતું હોય તો) અને ચોકલેટ કે પાઈનેપલ સેન્ડવિચ ( જો ગળ્યા ના શોખીન હો તો) અચૂક ખાવી જોઈએ.પછી ગ્વાલિયા ઢોસો (કેલેરી ની ચિંતા કર્યા વગર) અને ભાજીપાઉં ની કોઈ competition નથી.

well આમાં મારે એક પ્રશ્ન હતો કે તમને નથી લાગતું કે અમદાવાદ ની શાન એવા આ જુના અને જાણીતા ફૂડ-હબ માં ગુજરાત ની સીમા ચિહ્ન જેવી વસ્તુઓ પણ મળવી જોઈએ? હા ગાંઠિયા ભજીયા મળે છે. પણ આમ પિઝ્ઝા કે સેન્ડવિચ ની સાથે સાથે ખાંડવી હાંડવો અને ઢોકળાં પણ મળવા જોઈએ? અને મને નથી લાગતું કે આ બધું રાતે ખાવા થી કઈ વાંધો આવે, આપણા માંથી ઘણા ને ત્યાં રાતે આ હોય છે જ જમવામાં.

એવી બીજી ફેમસ જગ્યા છે લકી રેસ્ટોરન્ટ. શહેર ના મધ્ય માં આવેલી આ રેસ્ટોરન્ટ આપણી જૂની પેઢી ની અનેક યાદો લઇ ને બેઠી છે !...આપણામાં ના ઘણા અહી નથી ગયા પણ તમને ખબર છે અહી અંદર કબર આવેલી છે મુસ્લિમ સંતો ની. “Eating with the dead” નો અનુભવ લેવા માટે પણ ત્યાં જવું જોઈએ. અને ફિલ્મ “બે યાર” મેં જે એમ. એફ. હુસૈન વાળો મુદ્દો હતો એ અહી થી લીધેલ મનાય છે.અહી પણ હુસૈન જી નું painting છે.

બીજી ચા ની કીટલીઓ અને લારીઓ અને રાયપુર ના ભજીયા ને બધું તો ખરું જ.પછી વાત આવે છે “અગાસીએ” ની.. “હાઉસ ઓફ એમ.જી.” ની ખુબ સુંદર, પ્રમાણ માં મોંઘી પણ અચૂક એક વાર જવા લાયક જગ્યા. ત્યાં ના ફૂડ જેટલું જ ત્યાં નું વાતાવરણ અને ફર્નીચર અને ambience આહ્લાદક છે.

જો બીજી જગ્યા હું ભૂલતી હોઉં તો મને યાદ કરાવી શકો છો manorishah@gmail.com પર.

બીજી જગ્યા છે કેમ્પ ના હનુમાન. કેન્ટોન્મેન્ટ એરિયા માં આવેલું આ મંદિર ખાલી મંદિર નથી.દરેક અમદાવાદી એ એક વખત તો મુલાકાત લેવી જોઈએ ભલે ને ગમે તે ધર્મ કે જાતિ ના કેમ ના હોય.એના વિષે એક એવી કથા પ્રચલિત છે કે જયારે અંગ્રેજો એ અહી પગપેસારો કરવા માંડ્યો ત્યારે આ મંદિર ને ધ્વસ્ત કરવા તેઓ ગયા હતા ત્યારે ત્યાં આવતા દરેક અંગ્રેજ પર મધમાખીઓ હુમલો કરતી. પણ હા જો સામાન્ય કોઈ માનસ કે ભક્ત હોય તો કઈ ના કરતી.અત્યારે આવું થાય છે કે નહિ તે મને ખબર નથી તમારા કોઈ બીજા દેશ ના મિત્ર ને લઇ ને મુલાકાત લઇ જોજો!!!

કોઈ કઈ પણ કહે અમદાવાદ રહેવા માટે ખુબ સુંદર જગ્યાછે. તો જલસા કરો. ખુબ પ્રેમ કરો આ શહેર ને અને બસ સાફ સફાઈ અને ઓછી ગુનાખોરી માં હજી તેનો ક્રમ સુધરે એમ પ્રયત્ન કરતા રહો..Be happy...Be Amdavadi...અને મને આપના views જણાવવાનું ના ભૂલતા.

**-Manori Shah**



# ગુલાબજળ

## “મરણનું મૂલ્ય જીવનથી વધારે એ રીતે લાગ્યું,
## ના આવે મળવાને કોઈ ત્યાં આખી સભા આવે”

ને પંખે લટકતી મારી લાશને પોસ્ટ-મોર્ટમમાં મોકલી, મારા નિષ્પ્રાણ દેહની રાહ જોતા; શ્વેત વસ્ત્રોમાં સજ્જ લોકો બેસી રહ્યા.
‘લાશ’ આવતા,એને (મને) ઉઠાવી
૭x૨ ના કોફીનમાં ઈજ્જતભેર મુકવામાં આવી.
કોફિનનું ઢાંકણ બંધ કરી સફોકેશનમાં મને એકલો છોડી દેવામાં આવ્યો.
કોફિનને કબ્રસ્તાનના એક ખાડામાં મૂકી તેના ઉપર માટી નાખી, બાકીની દુનિયાથી અલગ કરી દેવામાં આવ્યો, ને મારા આ નવા ઘર ને કબર નામ આપવામાં આવ્યું. થોડા ફ્લાવર્સ પણ મુકવામાં આવ્યા.
એ કબર પર ચર્ચના ફાધરે મોટો ક્રોસ લગાવ્યો.
ને નીચે એક તકતી લગાડવામાં આવી – મારા નામ સાથેની.
સાથે એક લખાણ પણ કોતરવામાં આવ્યું,
**“MR LOBO ROY WAS VERY GENTLEMAN.**

**MR ROY, NOBODY CAN FEEL YOUR EMPTY SPACE.**
**WE WILL MISS YOU“**

ફાધરે ‘HOLY BIBLE’ ના થોડા પાના ઉથલાવી મારા આત્માની શાંતિ માટે ‘PRAY’ શરૂ કરી.
મારા ‘કહેવાતા’ રીલેટીવ્સને પણ નીચા માથા રાખીને થોડા આંસુ વહાવવા પડ્યા. એ જોઇને મને પ્રખ્યાત શાયરની એક પંક્તિ યાદ આવી ગઈ.
**“આ બધા ‘બેફામ’ જે આજે રડે છે મારા મોત ઉપર,**
**એ બધાએ જિંદગી આખી રડાવ્યો છે મને.”**

લોકો આવા ધતિંગ શું કામ કરતા હશે?
પણ મારી આ શિકાયત એ બધાથી નહી, પણ ખાલી તારાથી જ છે DEAR JASMIN
ક્યારેય તે મને ગળે લગાડ્યો નથી ને હવે મારા PHOTOS ને છાતીસરસી ચાંપીને કેમ રડે છે?
ક્યારેય મેં પ્રેમથી આપેલા ROSE તો તે ખુશીથી સ્વીકાર્યા નથી તો પછી હવે ફૂલોનો બુકે મારી કબર પર શું કામ રાખીને જાય છે?
જીવતાજીવત તો મારા પ્રેમથી તો તું દુર જ રહી છો તો આજે મારા મર્યા પછી કબરની બાજુમાં બેસીને પ્રેમનો ઈઝહાર કરવાનો શું અર્થ?

ખેર...
આજે એ વાત સારી રીતે સમજાઈ ગઈ છે કે,
કબર પર જે કેન્ડલ્સ મુકવામાં આવે છે એ તો માત્ર એક દેખાડો જ છે. કબરની ઉપર અંજવાળું કરી દેવાથી કબરના અંધારિયા નસીબ બદલાઈ જવાના નથી!
કબર પર જે ફ્લાવર્સ રાખ્યા છે એ માત્ર કરમાવા માટે જ રાખ્યા છે. કબરની આજુબાજુ ખુશ્બુ પાથરી દેવાથી કબ્રસ્તાન, કબર કે પછી કબરની અંદર રહેલી લાશ ઉપર ક્યાં કઈ અસર થાય છે?



કબરની અંદરનું કોફીન એ તો જાણે એમ કહેતું હોય છે કે તારી પૂરી LIFE તે સમાજના બંધન ભોગવ્યા હવે તું કબરના બંધન ભોગવ.

કબરની ઉપર નાખેલી માટી એ જ વાત ઉપર પોઈન્ટ કરે છે કે પૂરી જિંદગી તારા સપના ઉપર, તારી આકાંક્ષાઓ ઉપર, તારા શ્વાસ ઉપર ધૂળ નાખવામાં આવી, જે હવે ઉડીને તારી લાશ ઉપર આવી ગઈ.

ને કબર ઉપરની પેલી તકતી ઉપરનું લખાણ? એ તો ફક્ત કબરના IDENTIFICATION-ઓળખાણ માટે છે. જેથી વર્ષે દહાડે આવતા તમારા વ્હાલા શુભચિંતકો ભૂલથી બીજાની કબર પર બેસીને PRAY કરીને ના જતા રહે!

પણ કબર તો લાશનું નિવાસ સ્થાન છે. કબરને ઓળખાણની અને લાશને સરનામાની ક્યાં કશી જરૂર છે! આવી સીધી વાત સમજતા લોકોને સદીઓ કેમ લાગતી હશે?

**- Yagnik Vaghasia**

**(શીર્ષકપંક્તિ : 'મરીઝ')**

**SHUT-DOWN :**

એમને સમય જ ના રહ્યો મારો હાથ પકડવાનો,
જેમના માટે હું હાથમાં સમય પકડીને બેઠો હતો.

# લવ-ટેંક

કોઈ જો સહેજ છેડે છો તો એ શરમાય જાય છે,
તમે દિલમાં વસ્યા તો થઇ ગયું દિલ પણ દુલ્હન જેવું.
-સૈફ પાલનપુરી

મને નથી ખબર કે હું તને કેટલો બધો પ્રેમ કરું છું, કદાચ તને એ જાણવાની કોઈ જરૂર પણ નહિ પડતી હોય જ્યાં સુધી હું તારા સાથે હોઈશ. તારે મારા પાસેથી કોઈ મોટી ભેટ-સોગાદો કે એવું કંઈ કીમતી વસ્તુ નથી જોઈતું, તને જોઈએ છીએ તો બસ એ, જે દુનિયામાં દુર્લભ છે. અને એ છે સમય! તને મારી સાથેનો સમય જોઈએ છીએ.

તને યાદ છે તું ઘણી વાર મને ફિલ્મ જોતી વખતે કેહતી કે, કાશ! મારી પાસે પણ આવી કોઈક શક્તિ હોત તો તારી સાથેની આ પળને હું અહી જ થંભાવી દેત! આ સમય ને ક્યારેય પસાર જ ના થવા દેત એ વખતે તારી આંખમાં એટલો જ પ્રેમ હતો જેટલો પ્રેમ મેં તને પહેલી વાર જોઈ ત્યારે હતો!

લોકો સમજે છે કે ‘પ્રેમ’ માં પડેલો માણસ એનો સમય બરબાદ કરે છે. પણ તને એક વાત કહું, તારી સાથે પસાર કરેલો મારો એ સમય બરબાદ નથી થતો, એ તો ઇનવેસ્ટ થતો જાય છે-આપની પ્રેમ ની બેંક માં! વર્ષો પછી જયારે એ બેંકમાં મુદ્દલ ખૂટવા આવશે ત્યારે આ પ્રેમરૂપી મૂડીનું વ્યાજ જ આપણા પ્રેમ ને ટકાવી રાખશે!

તારાથી વિશેષ મારા માટે આ દુનિયામાં કંઈ છે જ નહીં. તુ મારી માટે એક પરમમિત્ર, એક હમદર્દ છે. મને ખબર છે કે સુખની સાહ્યબી હશે કે દુ:ખોના ડુંગરા, પણ જયારે મારી નજર બાજુમાં પડશે ત્યારે તું ત્યાં હોઈશ જ, મારા હાથોમાં હાથ નાખી મને હિંમત આપવા, મારા દુ:ખોને વહેંચવા કે સુખોને સમર્પિત થવા!

**-Anant Gohil**

આકાશના વિસ્તારમાં પણ મેં તને જોઈ હતી;
પાતાળના ધબકારમાં પણ મેં તને જોઈ હતી.
ક્યાં-ક્યાં તને જોઈ હતી, તું પૂછ ના આગળ મને,
ભગવાનના આકારમાં પણ મેં તને જોઈ હતી.
–હિતેન આનંદપરા

# નવલકથા "ઐક્યોત્સવ-3"



"વચ્ચે આડી-અવળી વાત કરીને વાત ન બદલો તમે... સાચે જ ખબર નહિ મને આજકાલ કંઇક અજીબ વિચાર આવે છે. સતત એક અસુરક્ષિતતા અનુભવું છું હું તમારા માટે, તેમાં પણ અપની ફેક્ટરીના ગોડાઉનમાં લાગેલી આગ, તમારી કારને થયેલો અકસ્માત અને તમારા એક સમારોહમાં થયેલ ફાયરિંગ.. છેલ્લા ત્રણ મહિનામાં બનેલી આ ઘટનાઓને કારણે હું રાત્રે નિરાંતે ઊંઘી પણ શકતી નથી" આહુતિ વિહ્વળ આંખે બોલી...

"મિસિસ આહુતિ સમિધ અગ્નિહોત્રી એ આવું ન બોલવું જોઈએ. બી બ્રેવ.ભુલ નહિ કે તું એક સાંસદની પત્ની છે અને હા, આપણી ફેક્ટરીના ગોડાઉનમાં આગ શોર્ટ-સર્કિટના કારણે લાગી હતી, એવું તો ઘણી બધી જગ્યાએ ઘણી વાર બને જ છે અને મારી કારને પેલા ટ્રકવાળાએ જાણી જોઇને તો ઠોકર નહી મારી હોય ને! તે પણ એક અકસ્માત જ હતો અને રહી વાત ફાયરિંગની તો, ત્યાં મારી સાથે મારાથી મોટા અનેક દિગ્ગજ નેતાઓ પણ હતાં, તો તેની હત્યા માટે પણ તે હોઈ શકે ને, તે બધાં જ ખુલ્લેઆમ નિશ્ચિંતતાથી ફરે છે, અને તારે મને બસ બાંધીને રાખવો છે..." સમિધ બોલ્યો...

"મને આ શહેરના કે આ વિસ્તારના એમ.પી. કે અગ્નિહોત્રી ઇન્ડસ્ટ્રીઝના માલિક એવા 'સમિધ અગ્નિહોત્રી' ની ચિંતા નથી. મને ચિંતા છે મારા પતિ સમીધની. જે મારી બે નાની નાની ઢીંગલીઓના પિતા છે અને મારા પપ્પા યજ્ઞીયભાઈના પુત્ર છે અને હા, આ દુનિયા માટે તમે જે હોય તે એમ.પી....પ્રેસિડેન્ટ. ..બીઝનેસમેન....એક્ષ-વાય-ઝેડ...પણ હા, મારા માટે તમે માત્ર મારા પતિ જ છો અને મારા પતિની સુરક્ષા માટે હું કંઈપણ કરીશ, જરૂર પડશે તો તમને બાંધીને પણ રાખીશ..." રડી રહેલી આહુતિ બોલી.

"રિલેક્ષ આહુતિ" સમિધ તેનો ચેહરો પોતાની બે હથેળીઓમાં લઈને બોલ્યો અને ઉમેર્યું, "તું, મારા માટે દર વર્ષે પેલું રાત્રે ચાંદો જોવાવાળો ઉપવાસ કરે છે ને, આ રીતે મારી લાઈફનું રીચાર્જ પણ દરવર્ષે થઈ જાય છે, તો મને શું થવાનું?... એવું હોય તો હમણાં એક બે દિવસ તું એવું વ્રત કરી લે બસ...એટલે મારી લાઇફમાં એડવાન્સ રીચાર્જ થઈ જાય અને તને પણ શાંતિ થાય" આહુતીના આંસુ લૂંછતા તેને હસાવવા માટે તે આ બોલ્યો.

જવાબમાં આહુતિ માત્ર મંદ હસી.

"તારા માટે આજે સાંજે હું એક સોંગ ગાવાનો છું..."

"હું પણ ગાવાની છું, એક સ્પેશીઅલ સોંગ"

"મને ખબર છે, તું ગાઈશ 'સુના..સુના..લમ્હા..લમ્હા..' કેમકે છેલ્લા નવ વર્ષોમાં મારો હાથ પકડીને આ સોંગ તે ત્રણસો વાર ગાયું હશે.."

"હા...એ તો ગાઈશ જ, પણ એક બીજું છે, તમે કદાચ સાભળ્યું પણ નહિ હોય...બટ સરપ્રાઈઝ..."

"લેટ્સ સી, કોણ જીતે છે" સમિધ બોલ્યો અને પોતાનો મોબાઈલ લઈને જવાની તૈયારી કરતો બે ત્રણ ડગલા ચાલ્યો બાદ ડોર સુધી પહોંચીને તરત જ પાછો વળ્યો. આહુતીને હગ કરતા તે બોલ્યો

"આહુતિ હું ઈચ્છું છું કે આપણી દીકરીઓ બિલકુલ તારા જેવી જ બને, સમજદાર, પ્રેમાળ, બધી જ રીતે પરફેક્ટ. પણ આહુતિ તારી આ વધુ પડતી લાગણીઓ મને નબળો પાડે છે. તું અને આપણી ઢીંગલીઓ

મારા જીવવાનું કારણ છો. તારે મને હંમેશા સ્ટ્રોંગ બનાવવાનો હોય, હિમંત આપવાની હોય. તને ખબર છે આખી દુનિયા એમ કહેતી હોય કે ‘સમિધ તારાથી આ નહિ થાય’ પણ ત્યારે તું માત્ર એટલું જ કહે કે ‘સમિધ તમે આ કરી શકશો, તમે જીતશો…’ ત્યારે મારું મન આ વાત માની સફળતાને નિશ્ચિત માનીને તેની ઊજવણી પણ કરી લે છે, તું મારો આત્મવિશ્વાસ છે, તું મારૂ આત્મબળ છે આહુતિ… તો આજ પછી હું તારામાં મને વર્ષો પહેલા કોલેજમાં મળેલી નીડર, સત્યવાદી, અડગ એવી ‘ઝાંસી ની રાણી-આહુતિ’ને જોવા ઈચ્છું છું. જેણે મને શીખવાડ્યું, સમજાવ્યું અને સાબિત કરી બતાવ્યું કે ‘સત્ય સ્વયં પ્રકાશિત હોય છે, સુરક્ષિત હોય છે, અને અંતે વિજય તો ધર્મનો જ થાય છે. તો બી બ્રેવ અને મને પણ બ્રેવ બનાવ ડીયર…”

બંધ આંખે સમિધના હૃદયની પાસે પોતાનો કાન સ્પર્શાવીને સ્પંદનો સાંભળતી આહુતિ આ સાંભળી રહી, અને ધીમેથી બોલી. “સાચી વાત છે તમારી, આજે હું થોડી વધુ પડતી ઈમોશનલ થઈ ગઈ હતી.”

આહુતિના વાળમાં ધીમે ધીમે આંગળી ફેરવી રહેલો સમિધ પોતાની હડપચીની તરત જ નીચે રહેલા આહુતિના કપાળને ચૂમતા બોલ્યો,”હેપી વેડિંગ એનીવર્સરી…”

પ્રતિક્રિયારૂપે આહુતિ એક સુંદર સ્મિત સાથે પોતાના પગની આંગળીઓ પર સહેજ ઊંચી થઈને તેના ડાબા ગાલને ચૂમતા બોલી,”સેમ ટુ યુ..”

સમિધ પોતાના બંને હાથમાં આહુતિના બંને હાથ સમાવી તેને ચૂમતા બોલ્યો,”અરે વાહ..આજનો આપણો આ વેડિંગ-ડે તો કેટલો સ્પેશીયલ છે.આપણે બે વાર સ્પેશીયલ ‘વિશિંગ’ સેલિબ્રેશન કર્યું. એક વાર અત્યારે અને એક વાર લાસ્ટ મીડ-નાઈટે..”

બાદ આહુતિની આંખમાં જોઇને તેને પૂછ્યું,”હવે હું જઉં?”


“હા,જાઓ પણ બપોરે વહેલા આવી જજો, મેન્યુમાં તમારી ફેવરીટ ડીસીસ છે.”

“આઈ નો ઘેટ…બાય..લવ યુ એ લોટ..” ચાલતા ચાલતા સમિધ બોલ્યો.

“લવ યુ ટુ..” બોલીને આહુતિ બેડરૂમની સાથે જોડાયેલી બાલ્કનીમાં આવી અને કાર સ્ટાર્ટ કરીને પોતાની તરફ બાય કેહતો હોય એમ હેન્ડ વેવ કરીને જતા સમિધને તે જોઈ રહી. રોડ પર કાર અદ્રશ્ય થતા તે પોતાના રૂમમાં આવી. અસ્તવ્યસ્ત વસ્તુઓને વ્યવસ્થિત કરીને તેણે ફરીથી કબાટ ખોલીને આજે પહેરવાની સાડી કાઢી..સમિધે તેને જે સજેસ્ટ કરી હતી તે ‘વ્હાઈટ & રેડ’ કલરની રીયલ પટોળા સાડી.

**-Dr. Avni Mansuriya**

# Photo Story



उलटा करके देख सके तो, अंबर भी है गेहरी खाई।

**-Rikeen Dhaduk**

# વેંત-વાર્તા

## અરીસો

સુષ્મા બેડરૂમના ડ્રેસિંગ ટેબલના અરીસા સામે ઉભી રહી એકીટશે જોતી રહી...

ત્રીસ વર્ષ પહેલા એના અને સંકેતના લગ્નની પ્રથમ એનીવર્સરી ઉજવાઈ ત્યારે પણ એ આ રીતે જ અરીસા સામે ઉભી હતી અને સંકેત તેને બોલાવવા માટે આવ્યો હતો.

“ડાર્લિંગ.....મહેમાનો રાહ જુએ છે.... આવ મારી સાથે.....”

કેટલો ફરક પડી ગયો હતો. બધું બદલાઈ ગયું હતું.

નાના ફલેટથી ભવ્ય બંગલો, સાડા અરીસાથી મોટું ડ્રેસિંગ ટેબલ, સુંવાળી ત્વચાથી ખરબચડી ચામડી, ઘટ્ટ-કાળા-રેશમીથી આજના બરછટ-સફેદ-ઝાંખા પડી ગયેલા વાળ,

ક્યાં ત્યારના ભરાવદાર આકર્ષક સ્તન અને ક્યાં આજના ઉંમરને લીધે ઢળી પડેલા સ્તન....

હવેની નિસ્તેજ આંખો, સુકા હોઠ, સહેજ ઊંચું જ સાંભળી શકે એવા કાન, નબળા પડી ગયેલા હાથ પગ, કમરનો દુઃખાવો, ડાયાબીટીસ, હાઈ બ્લડપ્રેશર, જોઈન્ટ-પેઈન.....કેટકેટલું બદલાઈ ગયું હતું,.

સુષ્મા વિચારમગ્ન હતી, ત્યાં જ સંકેત બોલાવવા આવ્યો,

“ડાર્લિંગ.....મહેમાનો રાહ જુએ છે.... આવ મારી સાથે.....”

સુષ્મા વિચારતી રહી- બધું બદલાઈ ગયું છે, પણ બધું ક્યાં બદલાયું છે.................

**-Yagnik Vaghasia**



# લ્યો...લખાઈ ગઈ કવિતા

બોલાયું તે, વાળી લઉં કે?
તીર સામું ટંકારી દઉં કે?

જોવાયું છે, માણી લઉં કે?
શમણા ને અજવાળી દઉં કે?

ઉડ્યું કબુતર ફૂરરર કરીને,
પાંપણ પર બેસાડી લઉં કે?

ડબ્બામાં સંતાડ્યું શું છે?
ચાલુ કલાસે ચાખી લઉં કે?

અષાઢી ગુબ્બારો ફૂટ્યો,
ફાગણમાં ફુલાવ્યું તું કે?

મ્યાઉ મ્યાઉ, ને ડોકાચીયા
ટોપલામાં સંતાડ્યું તું કે?

મારો સુરજ. મારો ચાંદો,
ઉછીનું કંઈ આણ્યું તું કે?

કહું 'શફક' કે મુનશીજી કહું?
મૌન રહી બોલાવી લઉં કે?

**-Kankshit Munshi "Shafak"**

# Catalyst

તારે મારી ફરિયાદ કરવી હોય તો તું કરી શકે છે, પણ મારે તારી કોઈ ફરિયાદ નથી કરવી, એટલે નહિ કેમ કે તે કંઈ કર્યું નથી પણ એટલે કેમ કે તે જે કંઈ કર્યું છે એ 'મારા' સાથે કર્યું છે. બધા સાથે તું જેવું કરે છે જો એવું હું પણ તારા સાથે કરીશ તો તારામાં અને મારા માં કંઈ ફરક જ નહીં રહે ને!

જો કે સાચું કહું, મને જે પ્રેમ ના કરતા હોય, જેમને મારા પ્રત્યે મૈત્રીભાવ ના હોય, એવા લોકોની ફરિયાદથી હવે મને કંઈ અસર જ નથી થતી અથવા તો એટલી જ અસર થાય છે જેટલી ઘરમાં સુતેલા કોઈ ને બહારના તડકાથી થાય!

જરૂરી નથી કે તું દર વખતે સાચો જ હોય, હા હું દર વખતે ખોટો હોવ એ પણ જરૂરી તો નથી જ. તને કદાચ હું એટલે નડતો હોઇશ કેમ કે મને ખોટું બોલતા કે ખોટું કરતા નથી આવડતું, હકીકતે મેં ઘણો પ્રયત્ન કરી જોયો છે- ખોટું બોલવાનો કે કરવાનો, પણ શું કરું મારાથી એ વાત શક્ય જ નથી બનતી.

હા, એવું નથી કે હું તારી વિરુધ્ધમાં છું, તારા કરેલા સૂચનો પણ મને આવકાર્ય છે, પણ એટલું ચોક્કસ છે કે એ પછી પણ હું વર્તીશ તો એવી જ રીતે જેવી રીતે મારું મન- મારું હૃદય મને વર્તવાનું કહે છે.

ઘણા લાંબા સમયથી આપણને બે પ્રકારની વિચારધારાઓ જોવા મળે છે: એક આદર્શવાદી એ બીજી છે વ્યવહારુ.

તું જે પ્રમાણે મને વર્તવાનું કહે છે, મળવાનું કહે છે, સમજવાનું કહે છે- એ આદર્શવાદી પદ્ધતિ છે, કદાચ એ પ્રમાણે તો તારાથી પણ વર્તી શકાય એમ નથી!

આકાશને આંબી જાય એટલા બધા આદર્શવાદી વિચારો કરવાની પણ શું જરૂર છે? આદર્શવાદી વિચારો ખાલી બોલવા કે સાંભળવામાં જ સારા લાગે પણ વ્યવહારિક દ્રષ્ટિ એ તો એ વ્યર્થ જ સાબિત થાય!

એક વાર બે ભાઈઓ હોય છે- મોટો ભાઈ ભણી-ગણી ને સારો સજ્જન બને છે, જયારે નાનો ભાઈ દારૂડિયો અને જુગારી બને છે. એક ભલા માણસે નાના ભાઈ ને પૂછયું,"તું આવો કેવી રીતે બન્યો?" જવાબ મળ્યો, મારા પિતાને લીધે, એ રોજ મારી માં ને દારૂ પીને આવીને મારતા, એટલે હું પણ એમના જેવો જ હોવાનો ને! મોટાભાઈ ને પણ જયારે આ સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેને જવાબ આપ્યો કે હું આટલો મોટો માણસ કે સજ્જન ફક્ત મારા પિતાને લીધે બન્યો છું. પૂછનાર વ્યક્તિ અચંબામાં મુકાઇ ગયો! આગળ પુછતા જાણવા મળ્યું કે, "મારા પિતાજીને જોઇને હું હંમેશા એવી દ્રષ્ટિ રાખતો કે મારે આવા નથી બનવાનું- મારે આવું નથી જ બનવાનું એટલે હું એ ગેરમાર્ગે આગળ ના વધ્યો.

કદાચ તારી ફરિયાદોમાંથી જ મને પણ જાણપણું રહેશે કે મારે શું નથી કરવાનું, છેવટે તો આપણે જ એકબીજાના હિતેચ્છુ ગણાઈશું ને!

**-Anant Gohil**

આફ્ટર-શોક : તું મને જેટલી નફરત કરે છે, એનાથી કંઈ ગણો વધુ હું તને 'પ્રેમ' કરું છું!

# મતાંતર

(આદિત્ય અને એના પપ્પા ભરતભાઈ મંદિરેથી પાછા ફરે છે. ત્યાં રસ્તામાં એમના જુના મિત્ર સુરેશભાઈ મળે છે. ભરતભાઈ હાથ જોડી ‘રામ-રામ’ કરે છે. થોડી અલકમલકની વાતો કરી છુટા પડે છે.)

“બેટા… હિંદુ સંસ્કૃતિમાં નમસ્કાર કરવા પાછળ પણ સાયન્સ કામ કરે છે, ખબર છે?”

“એમાં પણ સાયન્સ? એમાં વળી શું સાયન્સ?”

“હાથ જોડીને નમસ્કાર કરવાથી આંગળીઓના ટેરવાં ટચ થાય, જ્યાં આંખો, કાન અને મગજનો પ્રેશર-પોઈન્ટ છે. ફિંગર-ટીપ્સ અડવાથી આ પોઈન્ટ્સ એક્ટીવેટ થાય અને માણસ લાંબા સમય સુધી યાદ રહે. ને બીજું એ કે, વેસ્ટર્ન કલ્ચરથી અલગ અહીં હાથ મિલાવવાને બદલે હાથ જોડવાની પ્રથા હોવાથી ફીઝીકલ કોન્ટેક્ટ થતો નથી, આથી સામે વાળાને કોઈ ચેપી રોગ હોય તો પણ આપણને ચેપ લાગતો નથી.”

“જબરૂં છે હોં…”

“બેટા… તને કીધું ’તું તો ખરા કે બધે સાયન્સ જ કામ કરે છે. બધું એમ ને એમ નથી આવી ગયેલું. સમજી વિચારીને જ પૂર્વજો દઈ ગયા છે. લગ્ન પછી સ્ત્રીઓ સિંદુર પૂરે છે, એમાં પણ લોજીક છે.”

“કયું લોજીક?”

“સિંદુર ટર્મેરિક લાઈમ અને મરકયુરીને મિક્સ કરીને બનાવવામાં આવે છે. મરકયુરી બ્લડ પ્રેશરને કંટ્રોલ કરે છે અને સેકસુઅલ ડ્રાઈવને વધારે છે. ને એ જ કારણે વિધવાઓને સિંદુર પુરવાની મનાઈ કરવામાં આવે છે. વડીલોને પગે લાગવાથી લઈને શુભ પ્રસંગે હાથમાં મહેંદી મુકવા સુધીની દરેક પ્રથાઓમાં લોજીક છે. જરૂર છે બસ પ્રથાઓમાં શ્રદ્ધા રાખવાની…”

“એમાં વળી શું લોજીક?”

“હવે બધું હું જ કહું? ઘરે જઈને ઇન્ટરનેટમાં સર્ચ કરી લેજે. એમાં મળી રહેશે. નેટમાં આડાઅવળા ઘોકા ઘડીક ના લેતો…હહાહા…”

“હહાહાહા…વાતો વાતોમાં ઘર આવી પણ આવી ગયું…”

( પૂર્ણ )

**-Yagnik Vaghasia**

# It’s in...

Well the summer is knocking at our door. For some it brings hard hitting sun strokes or irritation and for some mangoes, watermelons and vacations… Being a “clothes-crazy” I simply love summer as you don’t have to wear some 2-3 typical jackets or a single raincoat for most of your public appearances. Spaghetti tops, shorts, skirts, shirts, cool tees, kurta, you can wear anything and everything. the same applies to your footwear….

I will show you some cutest and stylish yet comfortable footwear. All the ‘hers’…the bright and beautiful colours is the greatest advantage we have. laces, or stripes, block heels, floaters, sandals, wedges, sneakers, bellies just name it and you have it.








Well I have some tips:
1. You can experiment with colours as spring-summer is the best time to have them. Choose a colour according to your skin type and tone.
2. Try to avoid pumps or pencil heels as when your feet sweat it may can affect your grip and lead to some embarrassment. If you want to have heels wedges will be a perfect choice.
3. If you have a higher rate of sweating avoid shoes or even bellies. It can be sweaty, slippery and stinky.
4. Try to cover your feet as much as you can specially the front r upper portion to avoid tanning.
5. But to avoid tanning please please please done ever wear socks with your chappals or sandals or bellies. Use sunscreen as all that striped socks look horrible. Sorry to be this direct but seriously awful. So please avoid this.

Now for 'him'…guys sorry but you do have limited options.
Sneakers, flip-flops, floaters will be great for this season. For all of you who are working formal shoes can be replaced by some comfortable semi-formal leather sneakers sort of shoes which can add some style and definitely will give you comfort. Here are some photos for you people too…
And of course I have some tips for you too..
Try to project and protect your feet as they literally belong to you :-P. I mean to say please cut your nails regularly and try to wash and clean your feet more often.
Don't ever wear socks with sandals.
If you sweat a lot which most of u do then in case where you have to remove your shoes, also remove your socks. This can help spreading bad smell.

**-Manori Shah**









# ખુલ્લા દ્વાર

## "તમન્ના"

વાસ્તવિકતાના તડકાથી દુર,
હૃદયને સ્વપ્નોના વરસાદમાં ભીંજાવાનું મન થાય છે
ઉપરી સુખને ત્યજી,
હૃદયને અંતરની વેદનાઓને ભેટવાનું મન થાય છે
મહેફિલના ક્ષાર દરિયાથી દુર,
હૃદયને એકલતાના ઝરણામાં ડૂબવાનું મન થાય છે
બાહ્ય સ્મિતને ત્યજી,
હૃદયને અંતરના અશ્રુઓ લૂછવાનું મન થાય છે
સવારના ઉજાસથી દુર,
હૃદયને રાત્રીના અંધકારમાં રહેવાનું મન થાય છે
ક્યારેક બીજાની ક્યારેક ખુદની
કુત્રિમ દુનિયાથી કંટાળી
હૃદયને બે પલ કુદરતની દુનિયામાં રહેવાનું મન થાય છે
જીવનના અમુક ખેલ જોઈ,
હૃદયને પરમાત્માને બે ચાર પ્રશ્નો પૂછવાનું મન થાય છે

**-Neeva Vithalani**

**તમારી કૃતિ પણ તમે અમને મોકલી શકો છો**


**E-mail – pankhemagazine@gmail.com**

# Champions

લ્યો,,,!!! આવી ગયો ઉનાળો, ઉનાળા ની અસર જેટલી આપણી routine life માં પડે છે તેટલી જ રમતો ઉપર પણ પડે છે. શિયાળામાં આપણે ફ્રી time માં ground games/outdoor games choose કરીએ છીએ. એવું બનતું હોય છે કે ઉનાળો આવે અને સાથે વેકેશન નજીક આવે એટલે માળિયામાં ધૂળ ચડતી indoor games board ને બાર નીકળવાનો મોકો મળી જાય.એવી જ કંઈક અલગ અને અલગ દેશોની indoor games વિશે આજે જાણીએ.

## Surakarta:





Surakarta(સુરકર્તા) એ એક ઇન્ડોનેશિયન ગેમ છે. જેનું નામ ઈન્ડોનેશીયાના Surakarta city પરથી પાડવામાં આવ્યું છે.

આ game ૨ players તેના game board અને ૧૨ stone pieces સાથે રમી શકે છે. રમતનો મુખ્ય હેતુ સામેના હરીફના ૧૨ stoneને લઈને gameની બહાર કરવાનો હોય છે. તેની માટે game board પર path આપવામાં આવેલો હોય છે. તે path પર players પોતાના stone ને forward/backward/sideways or diagonally move કરાવી શકે છે. હરીફના stoneને capture કરવા આપણે inner અથવા outerpath નો ઉપયોગ કરી શકીએ અને વચ્ચે આવતા હરીફના stoneને capture કરીને તેને gameની બહાર કરી શકીએ. pathમાં કોઈપણ stoneને jump કરી શકાય નહિ. તેથી corner loop મોટે ભાગે capture માટે use થાય છે. કોઈ પણ player હરીફના ૧૨ stone capture કરી લે ત્યારે તે winner ગણાય છે.

scoring:

depends on number of games:

રમત ના અંતે બાકી વધેલા stoneને count કરીને score ગણી શકાય અથવા

બધા stone capture થાય પછી score સમયને આધારે પણ ગણી શકાય.

વધારે information સાથે clearly game ને સમજવા આ link પર video જોઈ શકો છો:

https://www.youtube.com/watch?v=Q7p5faImfqI

# **“ CHINESE CHEKERS ”**




નાના ભૂલકાઓને ઘરમાં બેઠા બેઠા રમવામાં મજા આવે તેવી નવી અને મજેદાર ગેમ એટલે chinese chekers. લૂડો જેટલી સરળ નથી છતાં રમવામાં મજા આવે એવી chinese chekersમાં six point star board વાપરવામાં આવે છે. તેના દરેક point પર star બને એવી રીતે ૧૦-૧૦ અલગ અલગ colour ના ball holes પર મુકવામાં આવે છે. આ રમત બે-ત્રણ,ચાર કે છ players એક સાથે રમી શકે છે. જેટલા players વધારે એટલી game વધારે મુશ્કેલ બનશે.

જીતવા માટે ખેલાડીએ પોતાની side ના colourના ૧૦ ballને તેની exact opposite sideના ખેલાડીના triangleમાં move કરવાના રેહશે. ballને move કરવા board પર વચ્ચે રહેલા hole નો ઉપયોગ કરવામાં આવે છે. ball ને jump કરાવી શકાશે નહી. જે player પોતાના બધા ball સામેની side move કરાવી લેશે તે winner ગણાશે.

તો ચાલો, હવે ઘરે બેઠા આવી નવી નવી ગેમ્સ સાથે ઉનાળાની મજા માણીએ.

**-Dharati Dekavadiya & Denisha Aghera**



# Sci-Logy

**Do you know about this ?**

**Air Into Water - Watermill**

Jonathan Ritchey has invented the Watermill, which is an atmospheric water generator. It converts air into fresh water.

This latest technology invention produces fresh water at a cost of about 3 cents a liter (1 quart). Originally designed for areas that do not have clean drinking water, the Watermill is for households that prefer an eco-friendly, cost effective alternative to bottled water.

Atmospheric water generators convert air into water when the temperature of the air becomes saturated with enough water vapor that it begins to condense (dew point).

This makes the appliance more efficient. It samples the air every 3 minutes to determine the most efficient time to convert the air into water. It will also tell you when to change the carbon filter and will shut itself off if it cannot make pure clean water.

Our mission is to provide high-quality clean drinking water from the air we breathe.

As the global water crisis worsens in the years to come, and today with four billion people globally experiencing dirty or scarce drinking water, our water generating technologies will help reduce the waterborne diseases and water shortages affecting tens of millions of people.

**For best results:**

Atmospheric water generator performance is dependent upon the temperature and humidity of the machine's environment. For best results:

-Temperature should be between 25 and 40 degrees Celsius (77 and 104 degrees Fahrenheit)

-Humidity should be above 60%


Combinations of humidity and temperature outside of this range will reduce the performance of your atmospheric water generator

**-Dharati Dekavadiya & Denisha Aghera**






# Shine in the Mine




દુનિયામે દો તરહ કે લોગ હોતે હૈ,
એક હૈ હરામી ઔર દુસરે બેવકૂફ.

ગેન્ગસ ઓફ વસેપુરની શરૂઆત થાય છે આ શબ્દોથી, પીયુષ મિશ્રાના અવાજમાં. અનુરાગ કશ્યપની જ આ ફિલ્મ પર ફરીથી લખવાનું થાય એટલા વિચારથી મજા પડી જાય.

મનોજ બાજપાઈ, તિગ્માંશુ ધૂલિયા, નવાઝુદ્દીન સિદ્દીકી, પીયુષ મિશ્રા, રીચા ચઢ્ઢા અને હુમા કુરેશી, અન્ય કેટલાય નામ જે સ્ક્રીન પર જોતા જ હોઠ પર આવે. દરેક પાત્ર એક જ લય માં હોય અને એવી જ ટ્રીટમેન્ટ.

ભારોભાર મજબૂત એવો સ્ક્રીનપ્લે. વાર્તા લખી છે ઝીશાન કાદરીએ, જે પોતે પણ એક વિચિત્ર પાત્ર રૂપે ફિલ્મમાં દેખાય. હિંસા અને લાગણીઓથી છલકાતી એવી આ ફિલ્મ બે ભાગ માં રીલીઝ થયેલી, અને બંને ભાગ સ્વતંત્ર રીતે પણ જોવા ગમે એવા.

એક પરિવાર જે શાહિદ ખાન થી શરુ થાય તો ફૈઝલ ખાન પર અટકે, અને સામે પક્ષે એકલો ઉભેલો રમાધીર સિંહ. જોતા સામાન્ય હિંદુ મુસલમાનનો ઝઘડો લાગે પણ એવું જરાય નથી. ખૂબ જ બારીકીથી આ વાર્તા વણાયેલી છે.

સિનેમેટોગ્રાફીના નામ પર અદ્ભુત એવા સીન્સ, એકદમ નેચરલ લાગે એવું ડાયરેકશન, સળંગ શૂટ થયેલા એવા ૧૦-૧૦ મીનીટસના સીન્સ જોઇને સાક્ષાત સરદાર ખાન ના ઘરમાં બેઠા હોય કે ફૈઝલ ખાનના ગાંજાનો ધુમાડો મોઢા પર આવતો હોય એવું લાગે.
પર્પેન્ડીકયુલરના મોઢામાં રાખેલી બ્લેડ, સુલતાનનું ધારિયું, સરદારની આંજેલી મેશ, ફૈઝલની ચલમ, દાનીશની પિસ્તોલ, રમાંધીરનો રૂઆબ, મોહસીનાના ચશ્માં, નગ્માબાનુનું રુદન અને પીયુષ મિશ્રાનાં અવાજથી થતું નેરેશન.
સ્નેહા ખાનવાલકરનું સંગીત, વરુણ ગ્રોવર અને પીયુષ મિશ્રાના ગીતો એટલી સરળ રીતે આપણા સુધી પહોચે.
અનુરાગની આ ફિલ્મે તેની ગાડી પુરપાટ ઝડપે હંકારતી કરી દીધી છે. બોમ્બે વેલ્વેટની નિષ્ફળતા પછી પણ વસેપુરની અસરથી એનું કામ અમર છે.


**-Rikeen Dhaduk**

અંતે ફિલ્મના અંતમાં આવતું એક ગીત,
ઇક બગલમે ચાંદ હોગા ઇક બગલમેં રોટિયા,
ઇક બગલમેં નીંદ હોગી ઇક બગલમેં લોરિયા,


હમ ચાંદ પે રોટીકી ચાદર ડાલકર સો જાયેંગે,
ઔર નીંદ સે કેહ દેંગે લોરી કલ સુનાને આયેંગે.
હમ મૌત કો સપના બતા કર ઉઠ ખડે હોંગે યહી,
ઔર હોની કો ઠેંગા દિખાકર ખીલખીલાતે જાયેંગે.

# LOL!!!...


She is not in Love with you
She wants your Blood
for her Physio Practical


"A day without laughter...
..is a day wasted ."
-Charlie Chaplin.

# KNOWTAMIN


India
in stats
1 In just about 2.3% of the world's total land area, India houses 1/6th of the world's population
2 According to a recent study, 36% of the world's poor are Indians
3 62 million internet consumers (6th largest in the world)
4 More than 64% of the population is between the ages of 15 & 64
5 361 people per sq km and 106.8 men to 100 women
6 Ranks 4th in the list of world's biggest CO2 emitters (2008)
7 Ranks 10th in the list of world's biggest economies (2010)
in facts
1 The largest postal network in the world with over 1,50,000 post offices.
2 Indian Railways is the largest employer in the world, employing close to a million people.
INDIAN RAILWAYS
3 28 states, 7 union territories and 22 languages.
4 World's third largest road network, covering 1.9 mn miles.
5 25% of the world follows 4 religions that originated in India: Hinduism, Buddhism, Sikhism and Jainism.
6 India was the richest country in the world until the British invasion in the 17th century.
7 India is the largest English speaking nation in the world.
in trivia
1 The world's first university was set up in Taxila (Takshashila) in 700 BC
2 World's largest producer of licit opium.
3 India, in its 10000 years of history, hasn't invaded any other country.
4 World's largest producer of dried beans, particularly kidney beans and chickpeas
5 Varanasi, also Benares, is the world's oldest, continually inhabited city in the world.
6 The Taj Mahal was built over a period of 11 years.
7 'National' things – Language: Hindi; Animal: Tiger, Bird: Peacock; Fruit: Mango
Quotes on India
We owe a lot to the Indians, who taught us how to count, without which no worthwhile scientific discovery could have been made.
ALBERT EINSTEIN
A nation's culture resides in the hearts and in the soul of its people.
GANDHI
The Sanskrit language, whatever be its antiquity is of wonderful structure, more perfect than the Greek, more copious than the Latin and more exquisitely refined than either.
SIR WILLIAM JONES
India is the cradle of the human race, the birthplace of human speech, the mother of history, the grandmother of legend, and the great grandmother of tradition.
MARK TWAIN
If I were asked under what sky the human mind has most fully developed some of its choicest gifts, has most deeply pondered on the greatest problems of life, and has found solutions, I should point to India.
MAX MUELLER

## TEAM

Keyur Dudhat
Yagnik Vaghasia
Rikeen Dhaduk
Manori Shah
Denisha Aghera
Dharati Dekavadiya
Anant Gohil

## Our Special thanks to

Dr. Avni Mansuriya(નવલકથા)
Kankshit Munshi(Poem)
Bhagyesh Patel (Photography)
Neeva Vithalani (ખુલ્લા દ્વાર)


pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

09714872871

https://twitter.com/pankh_emagazine